	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૧૬/૦૪/૨૦૨૨ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૬૭૩/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૫/૦૪/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૭	૦	૧૩૭	૪૧૬	૦	૪૧૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૯૦	૦	૧૦૦૬૯૦	૧૦૯૫૯૪	૦	૧૦૯૫૯૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૧	૪,૩૫,૩૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૦૧	૧૦૦૦/-

નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન :- (૧)

પાંચ વર્ષથી ખોખરા પો.સ્ટે.ના ગુનામાં નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી ગુજ.યુનિ.પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ શ્રી રાજેન્દ્ર અસારી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ ડો.લવીના સિન્હા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "ખ" વિભાગ એલ.બી.ઝાલા સાહેબ અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમા નાસતા ફરતા આરોપીઓ પકડવા સારૂ અવાર નવાર સુચનાઓ આપેલ હોય જે સુચના અન્વયે પોલીસ ઇન્સ્પેકટરશ્રી વિ.જે.જાડેજા ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન મુજબ સર્વેલન્સ એ.એસ.આઇ ઇન્દ્રજીતસિંહ મહોબતસિંહ બ.નં.૫૪૦૮ નાઓ સાથેના સ્ટાફના માણસો સાથે તા-૧૫/૦૪/૨૦૨૧ ના પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલિંગમા હતા દરમ્યાન સાથેના પો.કો.ભાવેશભાઇ અમ્રુતભાઇ બ.ન-૭૨૮૫ નાઓની બાતમી હકીકત આધારે ખોખરા.પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં. ૩૧૭૧/૨૦૧૭ ધી.ઈ.પી.કો કલમ ૨૯૪(ખ), ૫૦૬(૧), ૫૦૭, ૧૧૪ મુજબના ગુનાના કામના વોન્ટેડ આરોપીને પકડી પાડી ઇગુજકોપની મદદથી આરોપીનો ગુનાહિત ઇતીહાસ ચેક કરતા આરોપી ખોખરા.પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં. ૩૧૭૧/૨૦૧૭ ધી.ઈ.પી.કો કલમ ૨૯૪(ખ), ૫૦૬(૧), ૫૦૭, ૧૧૪ મુજબના ગુનામાં વોન્ટેડ હોય પાંચ વર્ષથી ખોખરા પો.સ્ટે.ના ગુનાના નાસતા ફરતા આરોપીને પકડી ગુજ.યુનિ.પોલીસે પ્રશંશનીય કામગીરી કરેલ છે.

આરોપીનુ નામ-.

નારાયણ ઉર્ફે ભગુ ગૌતમનાથ ડાંગી (જોગી) ઉ.વ.૩૮ ધંધો.ઘરઘાટી રહે.મ.નં.બી/૧૨, વિધ્યાનનગર સોસાયટી, નાબાર્ડ બિલ્ડીંગની સામે, ઉસ્માનપુરા ગાર્ડન સામે, ઉસ્માનપુરા, અમદાવાદ શહેર મુળ વતન.ગામ.વલાસવા તા.આસપુર જી.ડુંગરપુર રાજસ્થાન

શોધાયેલ ગુનો- ખોખરા.પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં. ૩૧૭૧/૨૦૧૭ ધી.ઈ.પી.કો કલમ ૨૯૪(ખ), ૫૦૬(૧), ૫૦૭, ૧૧૪ મુજબ

કામગીરી કરનાર અધીકારી/કર્મચારીઓ-

(૧) એ.એસ.આઇ ઇન્દ્રજીતસિંહ મહોબતસિંહ બ.નં.૫૪૦૮ (૨) પો.કો ભાવેશભાઇ અમ્રુતભાઇ બ.ન-૭૨૮૫ (૩) લોકરક્ષક પ્રવિણભાઇ કનુભાઇ બ.નં.૧૨૩૩૩ (૪) પો.કો.વિક્રમસિંહ જોરસંગભાઇ બ.નં.૧૦૦૧૦ (૫) પો.કો.સહદેવસિંહ ભુપતસિંહ બ.નં.૧૦૨૨૮



ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન :- (૨)

ચોરીના તથા પાંચ વર્ષથી નાસતા ફરતા આરોપીને ગણતરીના કલાકોમાં મુદ્દામાલ સાથે પકડી પાડતી ગુજરાત યુનિવર્સીટી પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ શ્રી રાજેન્દ્ર અસારી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ ડો.લવીના સિન્હા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "ખ" વિભાગ એલ.બી.ઝાલા સાહેબ અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમા બનતા મિલ્કત સબંધી ગુના બનતા અટકાવવા સારુ અવાર નવાર સુચનાઓ આપેલ હોય જે સુચના અન્વયે પોલીસ ઇન્સ્પેકટરશ્રી વિ.જે.જાડેજા ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન મુજબ સર્વેલન્સ એ.એસ.આઇ ઇન્દ્રજીતસિંહ મહોબતસિંહ બ.નં.૫૪૦૮ નાઓ સાથેના સ્ટાફના માણસો સાથે તા-૧૫/૦૪/૨૦૨૧ ના પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલિંગમા હતા દરમ્યાન સાથેના પો.કો.ભાવેશભાઇ અમ્રુતભાઇ બ.ન-૭૨૮૫ તથા લોકરક્ષક પ્રવિણભાઇ કનુભાઇ બ.ન-૧૨૩૩૩ નાઓની સંયુક્ત બાતમી હકીકત આધારે ગુજ.યુનિ.પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.ન-૧૧૧૯૧૦૧૭૨૨૦૩૩૦/૨૦૨૨ ધી.ઈ.પી.કો કલમ ૩૮૧ મુજબના ગુનાના કામના આરોપીને ચોરીમાં ગયેલ સોનાથી મઢેલી રુદ્રાક્ષની માળા આશરે પોણા તલ તોલા વજનની કિ.રુ.૧,૨૦,૦૦૦/- સાથે પકડી પાડી પોકેટ કોપની મદદથી આરોપીનો ગુનાહિત ઇતીહાસ ચેક કરતા આરોપી ખોખરા.પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં. ૩૧૭૧/૨૦૧૭ ધી.ઈ.પી.કો કલમ ૨૯૪(ખ), ૫૦૬(૧), ૫૦૭, ૧૧૪ મુજબના ગુનામાં વોન્ટેડ હોય ચોર ઇસમને પકડી અત્રેના પો.સ્ટે.નો અનડીટેક્ટ ગુનો ગણતરીના કલાકોમાં ડીટેક્ટ કરી ગુજ.યુનિ.પોલીસે પ્રસંશનીય કામગીરી કરેલ છે.

આરોપીનુ નામ-

પ્રકાશનાથ ગૌતમનાથ જોગી ઉ.વ.૩૬ ધંધો.છુટક કામ રહે.બાબુકાકાના મકાનમાં, બાબુકાકાની ચાલી, વડવાળા ડેરીની બાજુમાં, ચેહરનગર, નારણપુરા, અમદાવાદ શહેર મુળ વતન.ગામ.વણવાસા તા.આસપુર જી.ડુંગરપુર રાજસ્થાન

ગુનાહિત ઇતીહાસ-

ખોખરા.પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં. ૩૧૭૧/૨૦૧૭ ધી.ઈ.પી.કો કલમ ૨૯૪(ખ), ૫૦૬(૧), ૫૦૭, ૧૧૪ મુજબના ગુનામાં વોન્ટેડ

કબ્જે કરેલ મુદ્દામાલ

સોનાથી મઢેલી રુદ્રાક્ષની માળા આશરે પોણા તલ તોલા વજનની કિ.રૂ.૧,૨૦,૦૦૦/-
શોધાયેલ ગુનો - ગુજ.યુનિ.પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૭૨૨૦૩૩૦/૨૦૨૨ ધી ઈ.પી.કો કલમ ૩૮૧ મુજબ

કામગીરી કરનાર અધીકારી/કર્મચારીઓ

(૧) એ.એસ.આઇ ઇન્દ્રજીતસિંહ મહોબતસિંહ બ.નં.૫૪૦૮ (૨) પો.કો ભાવેશભાઇ અમ્રુતભાઇ બ.ન-૭૨૮૫ (૩) લોકરક્ષક પ્રવિણભાઇ કનુભાઇ બ.નં.૧૨૩૩૩ (૪) પો.કો.વિક્રમસિંહ જોરસંગભાઇ બ.નં.૧૦૦૧૦ (૫) પો.કો.સહદેવસિંહ ભુપતસિંહ બ.નં.૧૦૨૨૮



પાસા અટકાયતની વિગત


નારોલ પોલીસ સ્ટેશન

પ્રોહિબિશન સબંધિત અસામાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ પાસા અટકાયતીને પાલારા ભુજ જેલ ખાતે મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસા કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશા પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન આધરે અમદાવાદ શહેર વિસ્તારમાં પ્રોહિબિશનની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદ કરવા ચુસ્તપણે સુચના આપેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા પો.ઇન્સશ્રી આર.એમ.ઝાલા નાઓને પો.સ્ટે સ્ટાફના માણસોને સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પો.સ્ટે માં તથા અન્ય પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન સબંધે દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરતા અટકાયતી શાહરૂખખાન સ/ઓ નાસીરખાન યુસુફખાન પઠાણ ઉ.વ.૩૦ રહે. મ.નં.૧૭, બાગેઇરફાન સોસાયટી ચાર કેનાલ અમજાનગરની પાસે કેનાલ રોડ નારોલ અમદાવાદ શહેર નાઓ વિરૂદ્ધમાં ગુના દાખલ થયેલ હોય જે અનુસંધાને તેની પ્રોહિબિશન સબંધિત ગુનાહિત અસામાજીક પ્રવૃત્તિ વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ સદરી અટકાયતી વિરૂદ્ધ પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૩૫૨/૨૦૨૨ તા.૧૪/૦૭/૨૦૨૨ થી પાસા અટકાયતીનો હુકમ કરતા સદર પાસા અટાકયતીને આજરોજ કલાક ૨૦/૩૦ વાગ્યે બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે પાલારા ભુજ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે.તા.૧૪/૦૪/૨૦૨૨

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ:-

આર.એમ.ઝાલા પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અ.હે.કો. દિપેનકુમાર મનુભાઇ બ.નં.૬૦૮૦ તથા અ.લો.૨. મુકેશભાઇ બાલુભાઇ બ.નં. ૧૨૧૭૧



નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૭૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૨૪૯ લીટર દેશી દારૂ, ૪૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ કાર અને ૨ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ, ૧ વ્યક્તિઓને ઝડપી જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૭૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ હેઠળ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૬૭૬/૨૦૨૨**

સેટેલાઇટઃ જગદીશ ભુપેન્દ્ર ભટ્ટ (ઉ.વ.૬૦) (રહે. વિક્રમનગર ઇસરો કોલોની ઇસ્કોન મંદિર પાછળ બોપલ રોડ સેટેલાઇટ) એ તા.૧૫/૦૪/૨૦૨૨ ના રોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૪/૨૦૨૨ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે જગદીશ ભટ્ટના મોબાઈલ ફોન ઉપર મોબાઈલ નંબર ૯૧૬૩૫૦૯૩૦૭ અને ૮૧૭૮૫૩૫૫૪૫ ના ધારકોએ ફોન કરી જગદીશ ભટ્ટના ક્રેડીટ કાર્ડ નું કે.વાય.સી.અપડેટ કરવાનુ જણાવી, જગદીશ ભટ્ટના મોબાઇલમાં ટેક્ષ મેસેજ દ્વારા લીંક મોકલી, સોફ્ટવેર ડાઉનલોડ કરાવી જગદીશ ભટ્ટના બેન્ક ખાતામાંથી રૂપિયા ૧,૭૮,૯૩૦/- ઓનલાઇન ટ્રાન્ઝેક્શન કરી મેળવી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.બી.મહેતા ચલાવે છે.

ઘરફોડ ચોરી :- **સમાચાર યાદી નં.૬૭૭/૨૦૨૨**

નરોડાઃ જીગીશકુમાર ભીખાભાઇ પટેલ (રહે.પારસ બંગ્લોઝ, ૧૦૮ ઓફિસ સામે, કઠવાડા રોડ, નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૪/૨૦૨૨ કલાક ૨/૦૦ થી કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના પાછળના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી મોબાઇલ ફોન નંગ-૨, ઘડીયાળ અને રોકડ રૂપિયા ૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૧,૦૦૦/- તેમજ કારની ચાવીઓ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૬૭૮/૨૦૨૨**

દાણીલીમડાઃ મોહમદકાસીમ નાજીમહુસેન સૈયદ (ઉ.વ.૪૪) (રહે.મુખી બ્લોક, શફી મંજીલ, શાહઆલમ, દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૪/૨૦૨૨ રાતના ૧૦/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શંકરભાઈ વાલજીભાઈ ચલાવે છે.

વટવા જીઆઈડીસીઃ પ્રજ્ઞેશભાઈ બાબુભાઈ પટેલ (ઉ.વ.૩૯) (રહે. માતૃવાટીકા ફલેટ આયોજનનગર સામે એસ.પી.રીંગ રોડ) તા.૧૪/૦૪/૨૦૨૨ રાતના ૧૧/૪૫ વાગ્યાના સુમારે રહેણાંકના ધાબા ઉપરથી નીચે પડતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.